જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી,
જિલ્લાસેવાસદન–૨, જી–૬, એનેક્ષી બિલ્ડીંગ, ભાવનગર
ફોનનં.(૦૨૭૮) ૨૪૨૨૬૯૬ ઈ–મેઈલ : dydir-dc-sw-bav@gujarat.gov.in

નં.વિજાક/શિક્ષણ/૧૯-૨૦/૩૫૪૨ તા.૧૪/૦૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
.......................................................
.......................................................
જિ. ભવનગર.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર.
આવક નં. ૩૬૬૬
તારીખ : ૧૫/૬/૧૯
શાખા : પ્રા.શિ.૧

**વિષય:- પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિમાં વિદ્યાર્થીઓના એકાઉન્ટ નંબર અને IFSC કોડ ની ચકાસણી કરીને શિષ્યવૃત્તિની દરખાસ્તો બનાવવા બાબત.**

સવિનય ઉપરોક્ત વિષય જણાવવાનું કે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ દ્વારા ધોરણ ૧ થી ૧૦ ની શિષ્યવૃત્તિ/ગણવેશ માટે દરખાસ્ત કરવામાં આવતી હોય છે. આ દરખાસ્ત દરમ્યાન વખતો વખતની સુચના મુજબ વિદ્યાર્થીઓના બેંક ખાતાના વિગતો જેમાં ખાતા નંબર અને IFSC કોડ સંબંધીત, ખાતુ ચાલું છે કે બંધ અને KYC તેમજ બ્રાંચની વિગતો પણ શાળાઓ દ્વારા દરખાસ્તમાં યોગ્ય રીતે જણાવવામાં આવતી નથી. આ કારણોસર દરવર્ષે અંદાજીત ૧૦,૦૦૦ જેટલા ડિમાન્ડ ડ્રાફ્ટ વિદ્યાર્થીના નામના કાઢવામાં આવતા હોય છે. અમને અનુભવે જણાયુ છે કે આ સાથેની યાદી મુજબ જુદા જુદા તાલુકાની શાળાઓના આચાર્ય દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં તકેદારી રખવામાં નથી જેથી સૌના પ્રયત્નો છતા સમયસર ચુકવણું થઈ શકતુ નથી.

ચાલુ વર્ષે વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની ચુકવણીમાં રાજ્ય સરકાર દ્વારા જે પધ્ધતીઓ અગાઉના વર્ષ માં અપનાવવામાં આવેલ હતી, તેમાં ફેરફાર થયેલ છે આથી આચાર્યશ્રીઓ દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં જરૂરી કાળજી લેવામાં નહી આવે તો વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની ચુકવણીમાં વિદ્યાર્થીના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ આપવામાં આવશે નહી પરંતુ જેતે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ટ્રેજરી બેંક માં રહેશે અને જ્યા સુધી આચાર્યશ્રીઓ તેમની શાળાના બાકી રહેતા વિદ્યાર્થીના બેંક ખાતાની વિગતો સંપૂર્ણ પણે યોગ્ય રીતે તૈયાર કરીને જણાવશે નહી ત્યા સુધી વિદ્યાર્થીના ખાતામાં રકમ જમાં થશે નહી તેમજ રકમ જમાં ના થવાનાં કારણે આચાર્યશ્રીઓએ સ્થાનિક કક્ષાએ વાલીઓ અને વિદ્યાર્થીઓને જવાબ આપવાના પરિસ્થિતિ રહેશે. આ પરિસ્થિતી નિવારવામાં આચાર્યશ્રીઓએ દરખાસ્ત કરતી વખતે નીચેની બાબતો ખાસ ધ્યાને રાખવાની છે.

(૧) વિદ્યાર્થીનું નામ તેમના બેંક પાસબુકમાં દર્શાવ્યા પ્રમાણેનું નામ લખવાનું રહેશે ત્યાર બાદ વિદ્યાર્થીના નામ માં કોઈ પણ ફેરફાર કરી શકાશે નહી.

(૨) વિદ્યાર્થીના બેંક ખાતા નંબર પાસબુક સાથે ખરાઈ કરીને સાચો લખવાનો રહેશે.



Scanned by CamScanner

(૩) બેંકનો IFSC કોડ પણ પાસબુક માં દર્શાવ્યા પ્રમાણે લખવાનો રહેશે.

(૪) પોસ્ટ ઓફિસના ખાતામાં પેમેંટ થઈ શકતું નથી માટે કોઈ વિદ્યાર્થીના પોસ્ટના એકાઉન્ટના નંબર લખવા નહિ.

(૫) KYC કે અન્ય કારણોસર ખાતું બંધ નથી તેની ખરાઈ કરવી અને નજીકના સમયમાં લેવડ દેવડ થઈ છે કે નહિ તેની પણ ખરાઈ કરી લેવી.

(૬) વિદ્યાર્થીના પિતા/માતા અને વાલીના ખાતા નંબર નહી લખવા માટે જણાવવામાં આવે છે.

(૭) ગત વર્ષ જેઓ શાળાઓના વિદ્યાર્થીઓના ડિમાન્ડ ડ્રાફ્ટ આવેલ છે તેવા કિસ્સામાં સંબંધિત આચાર્યશ્રીએ અંગત કાળજી રાખી બેંક એકાઉન્ટ ની વિગતો અદ્યતન કરી ખરાઇ કરી એન્ટ્રી કરવાની રહેશે.

(૮) જે વિદ્યાર્થીઓના ખાતા નથી તે વિદ્યાર્થીઓના બેંક ખાતાઓ સત્વરે ખોલાવી લેવાના રહેશે.

દરખાસ્ત તૈયાર કરતી વખતે નામ ટાઈપ કરવામાં ખાસ કાળજી લેવી જો બેંક ખાતા મુજબ નામ ટાઈપ નહી થયેલ હોય તો પાછળથી નામમાં કોઈ પ્રકારનો ફેરફાર કરી શકાય તેમ નથી. જેની નોંધ .

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) ભાવનગર

નકલ રવાના:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ભાવનગર
બહુમાળી ભવન ભાવનગર

-/ આપના તાબાની તમામ ગ્રાંટેડ અને સરકારી શાળાઓને SVS મારફત જણાવવા વિનંતી.

ક્રમાંક:યોજના/ ૫૨૫/૨૦૧૯/૨૦૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગરતા.15/06/2019

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner